ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0


# દુઃખદ અવસાન / બેસણું



અમારા પૂજ્ય **માતૃશ્રી શાન્તાબહેન સોમાભાઈ પટેલ**નું દુઃખદ અવસાન તા.૪ થી એપ્રિલના રોજ થયું છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. **સદ્દગતનું બેસણું તા.૫ મી એપ્રિલ રવિવારના રોજ** અમારા નિવાસ સ્થાન, ગામઃ બાયડ ખાતે રાખેલ છે.

**સ્થળઃ- મુ.પો.તા.બાયડ, જી.અરવલ્લી.**

**મુકુંદભાઈ સોમાભાઈ પટેલ** લી **સુધીરભાઈ સોમાભાઈ પટેલ**
( પૂર્વ સરપંચ,બાયડ)
(ઉપપ્રમુખ, અરવલ્લી જીલ્લા ભાજપા)

**વરૂણ સુધીરભાઈ પટેલ**
મો.નં.૯૪૨૬૩ ૮૦૫૦૧

**સત્યજીત સુધીરભાઈ પટેલ**
મો.નં.૯૮૯૮૦૧૬૬૦૦




હનુમાન જયંતિ - હનુમાન જયંતિના પાવન પર્વે વહેલી સવારથી ભાવિકો હનુમાનજીના મંદિરોમાં ઉમટ્યા હતા. ચંદ્રગ્રહણના પગલે બપોરે પાંચ કલાક મંદિરો બંધ રહેવાના હોવાથી સવારના સમયે ઉજવણીના કાર્યક્રમો યોજાયા હતા. સુંદરકાંડના પાઠ, મારૂતિ યજ્ઞ તથા અખંડ ધૂનના કાર્યક્રમો દ્વારા હનુમાન જયંતિની ભાવપૂર્વક ઉજવણી કરાઈ હતી. (તસવીર : દિપક જાની)

# લેકાવાડામાં ટેનામેન્ટની સ્કીમ મુકી રૂ. ૧૧.૯૬ લાખની છેતરપીંડી

## રાજુલાની પાર્ટીએ બુકીંગના રૂપિયા આપ્યા બાદ સ્કીમ મુકનારે ઠેંગો બતાવ્યો : ઉઘરાણી કરતાં રીવોલ્વરથી ઉડાવી દેવાની ધમકી અપાઈ

ગાંધીનગર, તા. ૪

શહેરના સેક્ટર-૨૦માં ઓફીસ રાખીને લેકાવાડા ખાતે ટેનામેન્ટની સ્કીમ મુક્યા બાદ રાજુલાથી ઈન્વેસ્ટ કરનાર પાર્ટી પાસે રૂ. ૧૧.૯૦ લાખ લઈ લીધા બાદ ઠેંગો બતાવી દેવાયો હોવાની તથા તે રૂપિયાની ઉઘરાણી કરતાં પાર્ટીને રિવોલ્વરથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હોવાની ફરીયાદ સે. ૨૧ પોલીસ મથકે નોંધાવા પામી છે. સે. ૨૧ સેકન્ડ પી.આઈ. વાય.એમ. મિશ્રાએ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

રાજુલાના ઘનશ્યામભાઈ કૃપલાણીએ એક ગાંધીનગરના અખબારમાં જાહેરાત વાંચી હતી. લેકાવાડા ખાતે સર્વે નં. ૯ વાળી જમીનમાં સુર્યાન્ત રેસીડેન્સી ટેનામેન્ટ સ્કીમ બનાવવાની છે. જે જાહેરાત ડીઝાયર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોપરાઈટર સુરજ ચંદ્રકાન્ત પાંડેએ આપી હતી. જેની ઓફીસ સે. ૨૦ પ્રમુખ પ્લાઝા કોમ્પલેક્ષ, એફ-૬, પ્રથમ માળે હતી. ઓફિસે મળીને ઘનશ્યામભાઈએ સ્કીમનો પ્લોટ નં. ૫૫ બુક કરાવ્યો હતો. સમયાંતરે ચેક અને રોકડ મળી કુલ રૂ. ૧૧.૯૬ લાખ ચુકવી દીધા હતા. પરંતુ પ્લોટ નહીં મળતા તે અંગે પૃચ્છા કરી તો પ્લોટ અને પૈસા બંને આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દેવાયો હોવાની તથા સુરજ પાંડે દ્વારા છેતરપીંડી કરી રિવોલ્વરથી ઉડાવી દેવાની ધમકી આપી હોવાની ફરીયાદ સે. ૨૧ પોલીસ મથકમાં નોંધાવા પામી છે. પોલીસે ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ આરંભી છે.

# અભય ડેકોરેટર્સવાળા યુસુફભાઈ મનસુરીના પિતાશ્રી અલારખભાઈ જન્નતનશીન થયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના જાણીતા અગ્રણી અને ડેકોર્ટેરસ અભ્ય ડેકોરેટર્સવાળા યુસુફભાઈ મનસુરીના પિતાશ્રી હાજી અલારખભાઈ હાસમભાઈ મનસુરી ૩જી



એપ્રિલના રોજ જન્નતનશીન થયા છે. તેઓની ઝિયારત અને બેસણું રવિવારે યોજાશે.

ગાંધીનગરના જાણીતા ડેકોરેટર્સ યુસુફભાઈ મનસુરીના પિતાશ્રી અલારખભાઈ મનસુરી જન્નતનશીન થતાં શુક્રવારે મોડી રાત્રે ચરેડી કબ્રસ્તાન પાસે તેઓની દફનવિધિ થઈ હતી.

દફનવિધિ સમયે ગાંધીનગરના અગ્રણીઓ, જ્ઞાતિજનો અને પરિવારજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. મર્હુમની ઝિયારત તા. ૫મી એપ્રિલના રોજ સવારે ૧૦ વાગે અને બેસણું રવિવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન 'નૈયા', પ્લોટ નં. ૬૫૬/૨, ચ-૭ કોર્નર, સેકટર-૨૯ ખાતે રાખવામાં આવ્યું છે.


**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

॥ શ્રી ગણેશાય નમઃ ॥
**જય અન્નપૂર્ણા ફૂડ સપ્લાયર્સ**
દરરોજ સ્વાદિષ્ટ લંચ તથા ડીનર આપના ઘર, ઓફીસ, દુકાન, હોસ્ટેલ, હોસ્પિટલ ખાતે મેળવવા સંપર્ક કરો.
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે ફુલડીશના કોન્ટ્રાક્ટ માટે સંપર્ક કરો
સંપર્ક : ચિન્ટુ કુન્દનલાલ પટેલ :
પ્લોટ-૩૦૬/એ/૨, મંગલમૂર્તિ પાર્ક, સેક્ટર-૮, ગાંધીનગર
મો. ૯૯૨૫૪૬૬૪૯૦, ૯૮૨૫૭૧૯૯૮૬, ૮૭૩૪૯૭૧૯૩૩

ગાંધીનગરનો એકમાત્ર બાંધણીનો શોરૂમ
Krishna Bandhej
ક્રિશ્ના બંધેજ
તમામ પ્રકારની બાંધણી સાડી, દુપટ્ટા ડ્રેસ તથા મટીરીયલના છૂટક તથા જથ્થાબંધ વિક્રેતા...
અર્બન બેંકની બાજુમાં, ૨૪ ચાર રસ્તા, કોલવડા રોડ, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૯૪૨૬૦૧૧૪૦૫. krishnabandhej.in@gmail.com
સમય : સવારે ૧૦-૩૦ થી સાંજે ૮-૦૦ • રવિવારે રજા

ગુજરાત સરકાર

માનનીય મુખ્યમંત્રી **શ્રીમતી આનંદીબેન પટેલ**ના વરદ્હસ્તે
ગુજરાત રાજ્યના પાણી પુરવઠાના ઇતિહાસમાં અત્યાર સુધીની
**સૌથી મોટી રૂપિયા ૨૫૦૦ કરોડની સમગ્ર**
**સૌરાષ્ટ્ર અને કચ્છના ૫૫૮૭ ગામો અને ૧૧૬ શહેરો**
માટેની નર્મદા કેનાલ આધારિત
સ્વર્ણિમ ગુજરાત બલ્ક પાઈપલાઈન
યોજનાઓની લોકાર્પણવિધિ



**શ્રીમતી આનંદીબેન પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



**વિજય રૂપાણી**
મંત્રીશ્રી, પાણી પુરવઠા,
ગુજરાત રાજ્ય



**જયેશ રાદડીયા**
રાજ્યકક્ષાના મંત્રીશ્રી,
પાણી પુરવઠા, ગુજરાત રાજ્ય

સમય
સવારે ૯.૩૦ કલાકે

તારીખ
૫-૪-૨૦૧૫

સ્થળ
લખતર
જિ.સુરેન્દ્રનગર

પાણી પુરવઠા વિભાગ
ગુજરાત સરકાર
વાસ્મો


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com